©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 26th MARCH, 2026/CHAITRA 05, 1948 [ Issue No. 13**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

## PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 191-228 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2679-2850 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By The Prinicipal District Judge

***Read :***

1. *Resolution No.2, dated 31-12-2025 of the Departmental Promotion Committee of this office.*
2. *Office Order No. B/548/2025, dated 31-12-2025 of this office.*
3. *Letter No. 80/2026, dated 27-02-2026 of Principal Civil Court, Kalyanpur.*

## OFFICE ORDER

No. B. 82/2026.-For the betterment of office work and in the interest of office administration and public administration, the undersigned is pleased to pass the following order of promotion and posting of the employee working on the establishment of District Court Devbhumi Dwarka with effect from 02-03-2026.

The below mentioned employee working in the cadre of Nazir/Head Clerk/Bench Clerk Grade-II (Non-Gazetted, Group-C) (pay scale of Rs. 35400-112400, pay matrix level-6) is hereby temporarily and purely on Ad-hoc basis promoted in the cadre of Registrar, Civil Court/Protocol Officer, District Court/Secretary to the Principal District Judge/Bench Clerk Grade-I (Gazetted Officer, Group-B), in the pay scale of Rs. 44900-142400, pay matrix level-8 under Gujarat Civil Service (Revision of Pay) Rules, 2016, and posted as under :

| Sr. No. | Name of Employee | Details of Present Posting | Promoted and Posted as | Remarks |
|---|---|---|---|---|
| 1 | Mr. K. K. Kanjariya | Nazir, Principal Civil Court, Kalyanpur | Registrar, Principal Civil Court, Kalyanpur and her is also directed to work as Nazir, Principal Civil Court, Kalyanpur<br>**Additional Duties :**<br>I/c Registrar, Family Court, Kalyanpur | Vice Mr. N. B. Gojiya |

The above mentioned incumbent shall be on probation for a period of one year from the date of assuming charge as per the "Rules-2017". Further, he is directed to submit the undertaking/biding that, in future, any objection raised by any competent authority, the same will bound to him that, he shall be liable to repay the amounts, if any received in connection with this order and the Registrar/Nazir of the concerned Court is also directed to take such undertaking/biding from the employee before fixation of his pay.

Necessary notes be made in the service book of the concerned employee.

Devbhumi Dwarka @ Khambhalia, 27th February, 2026.

**S. V. Vyas**
Principal District Judge,
Devbhumi Dwarka @ Khambhalia.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ(બી) મુજબનું

**વંચાણ :**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૪૯૯/૨૦૨૫, તા. ૧૩-૦૭-૨૦૨૫

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૨૨/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના પત્ર નં. LIB/IB-૪/ભારે વાહન/પ્રતિબંધ/જાહેરનામું/૩૨૧૧/૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના પત્ર નં. મેજી/ને.હા./જાહેરનામું/૨૫૨-બાલાસર/વશી/વશી/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫

(૫) અત્રેના જાહેરનામા નં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫, તા. ૧૭-૦૭-૨૦૨૫

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા/પીબી/૨૨૧૪/૨૦૨૫, તા. ૧૪-૧૦-૨૦૨૫

(૭) અત્રેના જાહેરનામા નં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/૨૫૨/૧૦/૨૦૨૫, તા. ૧૭-૧૦-૨૦૨૫

(૮) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા/પીબી/૨૫૬/૨૦૨૬, તા. ૦૬-૦૨-૨૦૨૬

## જાહેરનામું

નં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/રાપર/૦૨/૨૦૨૬.- કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ તથા ૨ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્છે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાની દરખાસ્ત કામે પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધીમના વંચાણ-૩ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના વંચાણ-૪ વાળા પત્રની રજુ થયેલ અભિપ્રાય અન્વયે અત્રેના વંચાણ-પવાળાથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ. અત્રેના જાહેરનામાની મુદત પૂર્ણ થતી હોઈ વધુ મુદતનું જાહેરનામું બહાર પાડવાની વંચાણ-૬વાળી દરખાસ્ત અન્વયે અત્રેના વંચાણ-૭વાળાથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જે જાહેરનામાની મુદત પૂર્ણ થયેલ હોઈ, વધુ મુદતનું જાહેરનામું બહાર પાડવા વંચાણ-૮વાળી દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૩૦-૦૩-૨૦૨૬ સુધીના સમયગાળા માટે નીચે અનુસૂચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગનો ઉપયોગ કરવા હુકમ કરૂ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

**અનુસૂચિ :**

- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે નહી.

**વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :**

- રાપર-કલ્યાણપર-સેલારી-ફતેહગઢ-મૌવાણા-બાલાસર રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ સંબંધિત રસ્તાઓ પર જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

આજરોજ તા. ૦૯-૦૨-૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૦૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ(બી) મુજબનું જાહેરનામું

**વંચાણ :**

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાના પત્ર નં. મેજી/ડાયવર્ટ/જાહેરનામું/૦૫/૨૦૨૫, તા. ૦૮-૦૧-૨૦૨૬

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પત્ર નં. પીબી-૨/રસ્તા/ભુજ/૩૮૮/૨૦૨૬, તા. ૧૫-૦૧-૨૦૨૬

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના પત્ર નં. એલઆઈબી/આઈબી-૪/હંગામી/જાહેરનામાં/દરખાસ્ત/૨૦૭/૨૦૨૬, તા. ૧૯-૦૧-૨૦૨૬

(૪) અત્રેના જાહેરનામા નં. મેજી/પોલ-૧/માર્ગ નિયમન/દેશલપર-હાજીપીર રોડ/૦૧/૨૦૨૬, તા. ૧૯-૦૧-૨૦૨૬

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પત્ર જીપંક/બાંધ/દયાપર નરા રોડ/૧૧૨૧/૨૦૨૫, તા. ૦૨-૦૨-૨૦૨૬

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજય), ભુજ-કચ્છના પત્ર પીબી-૨/રસ્તા/નખત્રાણા/૧૦૨૩/૨૦૨૬, તા. ૦૯-૦૨-૨૦૨૬

## સુધારા હુકમ

નં મેજી/પોલ-૧/માર્ગ નિયમન/દેશલપર-હાજીપીર રોડ/સુધારા/૦૨/૨૦૨૬.-સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાના વંચાણ-૧વાળા પત્રની વિગતે દેશલપર-હાજીપીર રોડ કિ.મી. ૦/૦ થી ૩૨/૦ પરથી ૪ માસ સુધી ભારે/અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા રજુ થયેલ દરખાસ્ત અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના વંચાણ-૨ તથા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના વંચાણ-૩વાળા પત્રથી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય આધારે અત્રેના વંચાણ-૪વાળાથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ. અત્રેના વંચાણ-૪વાળા જાહેરનામાના વૈકલ્પિક માર્ગમાં સુધારો થવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છની વંચાણ-૫ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભુજ-કચ્છની વંચાણ-૬વાળી દરખાસ્ત ધ્યાને નીચે મુજબનો સુધારા હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ અત્રેના વંચાણ-૪વાળા જાહેરનામામાં માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભુજ-કચ્છની વંચાણ-૬વાળી દરખાસ્તની વિગતો ધ્યાને લેતા નીચે જણાવ્યા મુજબ અગાઉના વૈકલ્પિક માર્ગ/રસ્તાનો ભારે/અતિભારે વાહનોની અવર-જવર માટે ઉપયોગ ન કરવા તથા સુધારા વૈકલ્પિક માર્ગ/રસ્તાનો ઉપયોગ કરવા હુકમ કરૂ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

**અગાઉના વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :**

- હાજીપીર-ઝારા-લાખાપર-ઘડુલી-દોલતપર-બરંદા-વાયોર/નલીયા-જખૌ પોર્ટવાળો રૂટ
- હાજીપીર-નરા ફાટક-દયાપર-માતાના મઢ-મંગવાણા-સણોસરા રેલ્વે સ્ટેશન વાળો રૂટ

**સુધારા વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :**

- હાજીપીર-ખાવડા-લોરીયા-નખત્રાણા-બેરૂ-મોસુણા-સણોસરા-કનકપર-કોઠારા-જખૌપોર્ટવાળો રૂટ
- હાજીપીર-ખાવડા-લોરીયા-ભુજ-માનકુવા-દેશલપર(વા)-સણોસરા-બીટ્ટા-તેરા-નલીયા-જખૌપોર્ટવાળો રૂટ

આજરોજ તા. ૦૯-૦૨-૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૦૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**આનંદ પટેલ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

**વિષય :** પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ હોસ્પિટલ/કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

### જાહેરનામુ

નં. નાચી/પલસ/વશી/૨૭૧ થી ૩૦૦/૨૦૨૬.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીના તા. ૧૩-૦૨-૨૦૨૬ ના પત્ર નં. આરો-૩૪/પી.સી.પી.એન.ડી.ટી./સી.સી.ટી.વી./જાહેરનામા/દરખાસ્ત/વશી/૧૪૫/૨૦૨૬ થી P.C. And P.N.D.T. ACT-1994 ના અમલીકરણ માટે રચાયેલ સલાહકાર સમિતિમા અમરેલી જિલ્લામાં જાતિય પરીક્ષણનાં ગુન્હા રોકવા માટે દરેક P.C. And P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમાં બિનઅધિકૃત લોકોની અવર-જવર ઉપર દેખરેખ માટે ફરજીયાત ૩૦-દિવસના ઓડિયો-વિડીયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેક અપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. જિલ્લામાં જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમરેલી દ્વારા રજુ થયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ, હું દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. અમરેલી જિલ્લાના સમગ્ર P.C. And P.N.D.T. ACT હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલો/કિલનિકો/સંસ્થાઓમાં ફરજીયાત પણે ૩૦-દિવસના સી.સી.ટી.વી. કેમેરાના ઓડીયો-વિડિયો રેકોર્ડિંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથેના સી.સી.ટી.વી. કેમેરા જે તે સ્થળને સમ્પૂર્ણ પણે આવરી લે તેવી રીતે પુરતી સંખ્યામા લગાવવાના રહેશે અને ૨૪×૭ કાર્યરત રાખવાના રહેશે.

૨. સોનોગ્રાફી રૂમમાં નક્કી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી, તેમજ સોનોગ્રાફી રૂમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ.

૩. નક્કી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નિકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારનાં દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમનાં આવન-જાવનનાં દરવાજા અલગ અલગ હોય તો બન્ને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવાનાં રહેશે.

૪. સંબધંક ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનુ રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સંબંધક હોસ્પિટલ/કિલનિક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૪-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહુ હુકમની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાની તમામ હોસ્પિટલ/કલીનીક/સંસ્થાઓમાં જાહેરનામાંની નકલ ચોંટાડીને પ્રસિદ્ધિ કરાવવાની રહેશે તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ હુકમ અન્વયે અમરેલી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમરેલી, સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૭-ફેબ્રુઆરી-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અમરેલી, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Plastic Zone

### (Shivrajpur Beach)

No. DBD/0626/01/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as “No Plastic Zone” (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach). A “No Plastic Zone” is the place where tourists or visitors are Strictly restricted

to use Plastic within the 5 kilometre areas of the designated Beach and vendors are completely restricted to sale plastic within this zone.

Now, there, in exercise of the powers conferred upon me by Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict plastic use and saling of plastic items within the area besides light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to increasing of plastic waste/plastic pullution can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 25-01-2026 up to 25-03-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Using and saling of Plastic items within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Plastic Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sahita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 23rd January, 2026.

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Transport Zone

### (Shivrajpur Beach)

No. DBD/0628/01/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre area and up to 300 metre towards landward from the HTL from the designated Beach area at Shivrajpur has been identified as "No Transport Zone" (area nearby the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landward from the HTL). A "No Transport Zone" is the place where tourists or visitors are strictly restricted to use public or personal or private vehicle transportation within the 5 Square Kilometre areas and up to 300 metre towards landward from the HTL of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

''Public is hereby adivsed to restrict to use or drive any public or personal or private vehicles within the area besides the light house (Surve no. 58) to the end of Bay-2 point of the Sivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which concerned with the driving of any motor vechicles can be undertaken in this designated area''.

This order shall come into force with immediate effect from 25-01-2026 up to 25-03-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilinbual sign boards mentioning that Using or driving any public or personal or private vehicles within the area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as ''No Transport Zone''.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 23rd January, 2026.

---

## ORDER

### (Under Section 163 of Bhartiya Nagrik Suraksha Sanhita 2023)

### Blue Flag Bathing Zone

### (Shivrajpur Beach)

No. DBD/0629/01/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 300 meters at Shivrajpur Beach has been identified as "Safe Swim Haven" i.e. between the dual colours flags (red & orange) after detailed and through survery of the beach by expert agencies. A "Safe Swim Haven" is the safest place of the beach where the conditions are most favourable to swimmers & bathers.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023, I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to use this area duly cordon off with ropes & buoys for bathing & swimming purposes only. No other activities such as water sports and/or fishing can undertaken in this designated bathing area".

This order shall come into force with immediate effect from 25-01-2026 up to 25-03-2026 and shall be effective for this particular Dates unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita-2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the offices of the Municipal Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that No other activities such as water sports and/or fishing can be undertaken in this designated bathing area of 300 mts at Shivrajpur beach, Devbhumi Dwarka.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 23rd January, 2025.

**Bhupesh Jotania**
Additional District Magistrate,
Devbhumi Dwarka.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું હુકમ

નં. એમએજી/સી/મ.ચા.વે./જાહેરનામું/૨૦૩૧૭૨/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./નાગરિકતા/જાહેરનામું/૩૩૪/૨૦૨૬, તા. ૧૨-૦૨-૨૦૨૬ ના પત્રથી અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઇ/ચોકકસાઇ કરવા અત્રેથી તા. ૧૭-૧૨-૨૦૨૫ થી જાહેરનામું બહાર પાડેલ તે જાહેરનામાની મુદત તા. ૧૬-૦૨-૨૦૨૬ ના રોજ પુર્ણ થતી હોય નવું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગુજરાત રાજ્યમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસમાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

પોરબંદર જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરી કામ કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિયો શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

આથી હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંસ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઈ/ચોકસાઈ કરાવવા આથી હુકમ કરૂ છું.

સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૧૮-૦૨-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લધંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**રેખાબા સરવૈયા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા.નં.૨૪૩/પ્લા.કો.વાયર/જા.ના./૨૬.-ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અલંગ વિસ્તાર સત્તા મંડળ ખાતે ઘન કચરો, પ્લાસ્ટીક તથા શીપ કટીંગ દરમિયાન નિકળતા વાયરો તથા અન્ય વસ્તુઓને બાળવા/સળગાવવાની પ્રવૃતિને કારણે ઉત્પન્ન થતા ધુમાડાથી હવામાન ખૂબ જ પ્રદુષિત થાય છે અને તે લોકોનાં સ્વાસ્થ્ય માટે હાનીકારક નીવડે છે. આથી કોઈપણ વ્યકિતએ આ તમામ વિસ્તારોમાં ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પત્ર નં. ગુપ્રનિબોર્ડ/પ્રા.ક.-ભાવનગર/T-181/2026/6741 તા. ૧૬-૦૨-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, લોકોને શુધ્ધ પ્રદુષણરહિત હવા મળી રહે અને લોકોનું સ્વાસ્થય જળવાઈ રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર, પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર, નિર્દિષ્ટ અધિકારીશ્રી અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ, સંબંધિત ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકાઓ તથા સબંધિત પોલીસ થાણાના અધિકારીશ્રીઓએ કરાવવાનો રહેશે.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ઢેબરા તેરસ/નો પાર્કીંગ/જા.ના./૨૦૨૬.-આગામી તા. ૨૮-૦૨-૨૦૨૬ થી તા. ૦૧-૦૩-૨૦૨૬ ના રોજ ફાગણ સુદ-૧૩નો જૈન ઢેબરીયો મેળો પાલીતાણા ખાતે યોજાનાર છે. જેમાં જૈન લોકો મોટા પ્રમાણમાં પોતાની માલિકીનાં ખાનગી વાહનો લઈને આવતા હોય છે. આ મેળામાં અંદાજિત એકાદ લાખ કે તેથી વધુ યાત્રિકો તથા સ્થાનિક લોકો પાલીતાણામાં આવી પવિત્ર શેત્રુંજય ગિરિરાજ ઉપર થઈ ''છ'' ગાઉની મહાયાત્રા કરી આદપુર ગામે ઉતરે અને ત્યાં પ્રસંગ ઉજવાય છે અને જાહેર રોડ ઉપર યાત્રાળુઓ પોતાના વાહનો જેમ-તેમ ઉભા રાખીને જતા રહેતા હોય છે. જેના કારણે ટ્રાફીક નિયમન કરવામાં ખુબ જ અગવડતા ઉભી થાય છે. જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે હેતુસર ''પાલીતાણા છેલ્લા ચકલાથી તળેટી સુધીનાં જાહેર રોડની બંને સાઈડમાં'' તા. ૨૭-૦૨-૨૦૨૬ થી તા. ૦૧-૦૩-૨૦૨૬ દિન-૩ માટે વાહન પાર્કીંગ ન કરે તે માટેનું ''નો પાર્કીંગ'' નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/૪-એચએ/જા.નામું/૬૨૭/૨૦૨૬, તા. ૧૧-૦૨-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા છેલ્લા ચકલાથી તળેટી સુધીનાં જાહેર રોડની બંને સાઈડમાં તા. ૨૭-૦૨-૨૦૨૬ થી તા. ૦૧-૦૩-૨૦૨૬ (દિન-૩) માટે વાહનો પાર્કીંગ ન કરવા ફરમાવું છું.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૯-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**એન. ડી. ગોવાણી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૬૧/૨૦૨૬.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની

સામેના ખાંચામાં ફોર્ચુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટહાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એક માર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૦૮-૦૧-૨૦૨૬ ના પત્ર ક્રમાંક ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૧૮/૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર-કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ-હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૯-૦૨-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૦૧/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ફેબ્રુઆરી-૨૦૨૬ તથા આગામી માર્ચ-૨૦૨૬ ના માસ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૦૨-૨૦૨૬ થી તા. ૦૮-૦૩-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૯-૦૨-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૪૩/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં આગામી તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા સમય ૧૦-૦૦ થી ૧૩-૧૫ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પરીક્ષા સવારના ૧૦-૩૦ થી ૧૩-૪૫ સુધી તથા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૧૫ સુધી તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૩૦ કાલક દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા બોટદામાં ધોરણ-૦ના ૩૪ પરીક્ષા કેન્દ્રો તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૧૯ પરીક્ષા કેન્દ્રો તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૦૫ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. ઉકત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી સમય સવારના ૧૦-૦૦ થી ૧૩-૪૫ કલાક સુધી તથા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૩૦ કલાક સુધી ઉકત પરીક્ષા કેન્દ્રો ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૧૧-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં.ડી.એમ./વશી/૨૧૮/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૨-૦૨-૨૦૨૬ ના રોજથી તા. ૨૬-૦૨-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૯-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## જાહેરનામું

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના) નું વેચાણ કરવા બાબત :**

નં. ડી.એમ./વશી/૬૯/૨૦૨૫.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ/સીમકાર્ડના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણાવવુ જરૂરી જણાય છે.

જેથી બાટોદ જિલ્લા વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચરનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદરનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તથા સીમકાર્ડ વેચનારે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામા આવે તે જરૂરી છે.

**(૧) મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદદારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૨) નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદદારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૩) સીમકાર્ડ વેંચાણ બાબતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | સીમકાર્ડ વિગત/કંપની | IMEI NO. | સીમકાર્ડ વેંચનાર/ખરીદદારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ અગાઉ પંજાબ રાજ્ય પઠાણકોટ, ગુરૂદાસપુર ખાતે તેમજ ભુતકાળમાં આંતવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌધ્ધા ગયા, અમદાવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચેન્નઈ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાવના સાધન સામગ્રી મળી આવેલ હતી જે જોતા આંતકવાદી/ત્રાસવાદી તત્વોને પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ-વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ ભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ-વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ. જેથી સાયકલો સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોચી શકાય છે. તેવા સાયકલો/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે. બોટાદ જિલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે નવી તેમજ જુની સાયકલ બોટાદ જિલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૨.૧) સાયકલ સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુવ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨.૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ પાન કાર્ડ આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે નગરપાલીકા કોર્પોરેટર ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

(૨.૩) બીલમાં ખરીદદારનું પુરૂ નામ સરનામું સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૨.૪) વેચાણ બીલમાં સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૨.૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

(૨.૬) વાહન ખરીદનારના નામે વાહન તબદીલ કરવા RTO કચેરી ખાતે જરૂરી ફોર્મમાં અરજી કરી તે અંગેની કાર્યવાહી વાહન વેચનારે વાહન વેચાણના દિન-૧૫માં વાહનની બિનચુક તબદીલી થાય તે રીતે કરવાનો રહેશે.

**(૩) મકાન/દુકાન/ઓફીસ ભાડે આપવા તથા લેબર રજીસ્ટ્રેશન અંગે માહિતી રાખવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક, વાડી, ખેતરના રહેણાંક ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફીસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થીતીથી માહિતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃતીઓને તથા અસામાજીક પ્રવૃતીને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો આપતા હોઈ તથા આવા એકમો ભાડે આપતા માલિકો તથા ગ્રામ્ય શહેરી વિસ્તારમાં રહેણાંક, વાડી, ખેતરના રહેણાક ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા તથા સ્થાનિક લોકોની જાન માલની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૩.૧) બોટાદ જિલ્લા વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમો ભાડે આપેલ છે તેવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના રહેણાંક વાડી તથા ખેતરના રહેણાંકના માલીકોએ આ માહિતી તૈયાર કરી ફરજીયાત પોતાની પાસે રાખવાની રહેશે અને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

(૩.૨) બોટાદ જિલ્લા વિસ્તારમાં મકાનો/બંગલાઓ, અન્ય રહેણાંક મકાનો/સ્થાયી મીલકતો ભાડે આપે અથવા અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરે તે મીલકતની માહિતી સમિતી/સોસાયટી/કમીટી/રચાઈ હોય તો તેના પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જો મીલ્કત અંગે સમિતી ન રચાઈ હોય તો જે તે મીલકતના માલીક/કબ્જેદાર/કર્તાહર્તાએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જ્યારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોકત માહીતી પુરી પાડવાની રહેશે.

(૩.૩) બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અથવા તો આ માટે આવા મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિને મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમો ભાડે આપે ત્યારે અથવા તો અન્ય કોઈ વ્યકિતને કામ ઉપર રાખે તો આવા વ્યકિતઓના જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવી નાગરિકતા અંગેની ચકાસણી કરી માહિતી પોતાની પાસે રાખવાની રહેશે. અને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ. | |
| ૨ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનુ નામ સરનામુ ટેલી. નંબર | |
| ૩ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક/વાડી ખેતરના રહેણાંક એકમના જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ. | |
| ૪ | જે વ્યકિતને ભાડે આપેલ છે. તેનું પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે. | |
| ૫ | જે વ્યકિતને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા | |
| ૬ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામુ, ટેલી. નંબર. | |
| ૭ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ? | |

**: નિયમો :**

૧. આ ફોર્મમાં ઉપરોકત વિગતોને સમાવેશ કરવાની રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલીક અને ભાડુઆતે એક નકલ જો સમિતીની રચના હોય તો પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીને આપવાની રહેશે અને માહિતી સોસાયટીના પ્રમુખ/ચેરમેન/સેક્રેટર/કર્તાહર્તાએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે.

૩. જો આવી કોઈ સોસૈાયટી કે કમીટી રચાઈ ના હોય તો સદર મીલકતની માહીતીની જવાબદારી માલીક/કબ્જેદાર/કર્તાહર્તા ની રહેશે.

૪. તમારી મિલકતનો કબજો સુપ્રત કરતા હોય, તો જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલકત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

| |
|---|
| ૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાઈસન્સ/પાનકાર્ડ/ઈલેકશન કાર્ડ/આધારકાર્ડ કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે. |
| ૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે. |
| ૮. આ સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રેમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે. |
| ૯. મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં જાણ કરવાની રહેશે. |
| ૧૦. બને ત્યાં સુધી આપની મિલકત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખવી આપવી. |
| ૧૧. મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહિઓ જવાબદાર સાક્ષીની રૂબરૂમાં કરવાની રહેશે. |
| એજન્ટનું નામ શ્રી/શ્રીમતી |
| એજન્ટનું સરનામુ |
| ફોન નં. (ઘર) (ઓફીસ) (મો. નં.) |
| ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું |
| (૧) |
| ફોન નં. (ઘર) (ઓફીસ) (મો. નં.) |
| (૨) |
| ફોન નં. (ઘર) (ઓફીસ) (મો. નં.) |
| ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો — એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો — સાક્ષીની સહી સહિ/સિક્કો/ તારીખ — ભાડુઆતની સહિ — એકમ, મકાન માલીકની સહી — પ્રમુખ/સેક્રેટરી/ચેરમેન/કર્તાહર્તાની સહી |

**(૪) સીસીટીવી કેમેરા ગોઠવવા બાબત :**

ભુતકાળમાં અમદાવાદ ખાતે થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુંવારી થયેલ જેમાં ગુજરાતના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૦૮-૧૦-૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો, ગાંધીનગર અક્ષરધામ મંદીર ઉપર થયેલ હુમલા તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી વારંવાર મળતી માહિતી ધ્યાને લેતા બોટાદ જિલ્લાની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

બોટાદ જિલ્લામાં નજીકના ભુતકાળમાં સગીરવયની બાળા પર દુષ્કર્મના પ્રર્યાસની ઘટના બનવા પામેલ તથા બહારના રાજયોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, તેમજ જયા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં CCTV કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

**સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ. સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીંગ એરીયા, તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનો ની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/સંચલાકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવરનું રેકોડીંગ થઈ શકે તે પ્રમાણેના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) તેમજ જયાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો ખાતે સંસ્થાની અંદરની ભાગે તથા એન્ટ્રી ગેઈટ પર રોડને આવરી લે તે રીતે CCTV કેમેરા લગાવાના રહેશે.

(૧૧) મોલમાં માલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરા નું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટી.વી. કેમરેાનું બેકઅપ મીનીમમ ૯૦ દિવસ સુધીનું રાખવાનું રહેશે અને સી.સી.ટી.વી. આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર. જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

**(૫) હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતી રાખવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેરમાં લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે. જેથી બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી/લુટ/ચોરી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં કોઈપણ નાગરીક આવે ત્યારે તેના ડોકયુમેન્ટની વિગતો કોપી સહીતની લેવી.

(૨) ડોકયુમેન્ટની વગરના તેમજ અજાણ્યા નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૩) તમામ નાગરીકના નામ, સરનામા, મોબાઈલ, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૪) બોટાદ જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૫) કોઈપણ નાગરીકની હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગમાં શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૬) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા તમામ નાગરીકોની અન્ય જરૂરી માહિતી તમામ માહિતી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ ઉપરાંત હોટલ/લોજ/બોર્ડીંગ/ગેસ્ટહાઉસના માલીકો જયારે કોઈપણ વ્યક્તીને હોટલ/લોજ/બોર્ડીંગમાં રહેવા માટે આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી રજીસ્ટ્રરમાં નોંધ કરવાની રહેશે તેમજ પોલીસને જરૂર પડે મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

**(૬) હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતીને પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા બાબત :**

બોટાદ જિલ્લો તેમજ બહારના જિલ્લા અને રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા લોકો હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ લુટ/ચોરી/ધાડ/ત્રાસવાદી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં આશરો આપતા માલીકો/મેનેજરો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. બોટાદ જિલ્લાના હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના તમામ માલીકોએ તેમના હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં કોઈપણ વ્યક્તીને હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રહેવા

માટે રૂમ અથવા આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું અને તેની નાગરિકતા અંગેની માહિતી મેળવી તેમના રજીસ્ટ્રરમાં નોંધ કરવાની સાથે-સાથે રીશેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું તેમા ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program For Analysis Of Traveller & Hotel Informatiks) ઈન્સટોલ કરાવી રજીસ્ટ્રરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે. જેથી પોલીસને જરૂર પડે તપાસમાં મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરનાર વિકેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો...(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઓદ્યોગીક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાવવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ માંગણી થયેથી પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૧૮-૦૧-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનુ આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૭૦/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં આવેલ સેન્સેટીવ ઝોન જેવા કે, શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર સાળંગપુર, BAPS સ્વા. મંદિર સાળંગપુર, સ્વામીનારાયણ મંદિર કુંડળ, ભીમનાથ મહાદેવ મંદિર, વિસામણ બાપુની જગ્યા પાળીયાદ, ગોપીનાથજી દેવ સ્વામીનારાયણ મંદિર ગઢડા, BAPS સ્વા. મંદિર ગઢડા તથા ટેલીફોન એક્ષચેન્જ બોટાદ, બરવાળા, ગઢડા તથા બોટાદ જિલ્લામાં આવેલ મોટા ડેમો જેમાં ઉતાવળી ડેમ ગુંદા, સુખભાદર ડેમ નાના છૈડા, ભીમડાદ ડેમ, ઈતરીયા ડેમ, લીંબાળી ડેમ, કાળુભાર ડેમ તથા પાણીના પંમ્પીંગ સ્ટેશન નાવડા તથા ગઢડા તથા સોનાવાલા હોસ્પીટલ બોટાદ તથા CHC હોસ્પીટલ ગઢડા તથા મધુસુદન ડેરી ગઢડા તથા ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ બોટાદ, કલેકટર કચેરી બોટાદ, તથા જિલ્લા પંચાયત કચેરી બોટાદ, તથા બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ વિજળી પાવર સપ્લાયર સબ સ્ટેશનો વિગેરે સંસ્થાનોને રેડ/યલો ઝોનમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયની SOP અને Drone rules-2021 મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં બોટાદ જિલ્લામાં કુલ-૫૮ સ્થળોને રેડ/યલો ઝોનમાં મુકવામાં આવેલ છે.

જેથી બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ સેન્સેટીવ વિસ્તારો/સંસ્થાનોને ડ્રોન (UAV) જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈ તેની સુરક્ષાને હાનિ ન પહોંચાડે તે સારૂ ઉપરોકત જણાવેલ વિસ્તારોમાં પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે માટે પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના પત્ર નં. એસઓજી/ડ્રોન કેમેરા/જાહેરનામું/૪૪/૨૦૨૬, તા. ૧૨-૦૧-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે ધ્યાને લઈને પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદએ કરેલ દરખાસ્ત મુજબના સ્થળોએ પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું બી. એ.પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના સ્થળો/વિસ્તાર પાસે પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવું છું.

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| 66 KV Electric Power Sub Station Kanara | At-Kanara Ranapur Dhandhuka Road Ta-Ranpur Dis-Botad | J | RED | 22.349857 | 71.7312 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Moti Vavadi GETCO | At-Moti Vavadi Ta-Rnapur Dis-Botad | J | RED | 22.279123 | 71.78115 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Chandarava GETCO | At-Chandarava Ta-Rnapur Dis-Boad | J | RED | 22.259796 | 71.850654 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Alampur | At-Alampur Ta-Rnapur Dis-Botad | J | RED | 22.316744 | 71.663368 | 100 mtr distance from perimeter |
| Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | J | YELLOW | 22.191062 | 71.793647 | 2 km distance from perimeter |
| Barwala Bus Station | Ranapur Road, Barawala Ta-Barawala Dis-Botad | L | YELLOW | 22.158068 | 71.892087 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Salangapur | Barawala Botad high way Salangpur Ta-Barawala Dis-Botad | J | RED | 22.163115 | 71.774062 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Power Sub Station Barawala | Ranapur Road Barawala Ta-Barawala Dis-Botad | J | RED | 22.161576 | 71.886829 | 100 mtr distance from perimeter |
| Telephone Exchange Barawala | Vallabhipur Dhandhuka high way Barawala Ta-Barawala Dis-Botad | M | YELLOW | 22.154494 | 71.896381 | 100 mtr distance from perimeter |
| Bhimanath Railway Station | Bhimanath Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.240036 | 71.92244 | 50 mtr distance from perimeter |
| Shree Kashtabhanjan Hanumanaji Mandir Salangpur | Salangpur Village Ta-Barawala Dist-Botad | G | YELLOW | 22.158925 | 71.771024 | 100 mtr distance from perimeter |
| BAPS Swaminarayan Temple Salangpur | Salangpur Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.157062 | 71.770616 | 100 mtr distance from perimeter |
| Swaminarayan Temple Kundal | Kundal Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.163882 | 71.861865 | 100 mtr distance from perimeter |
| Bhimanath Mahadev Temple | Bhimanath Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.246473 | 71.923145 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| Khambhada Dam | Khambhada Village Ta. Barawala Dis-Botad | J | YELLOW | 22.16266 | 71.793643 | 2 km distance from perimeter |
| Navada Punping Station | Navad Village Ta. Barawala Dis-Botad | J | YELLOW | 22.167448 | 71.960543 | 500 mtr distance from perimeter |
| Pujaya Vishamanbapuni Jagya Temple, Paliyad | At-Paliyad Ta-Botad Dis-Botad | G | YELLOW | 22.2597258 | 71.56104305 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Power Sub Station, Babarkot | At-Babarkot, Ta-Botad Dist-Botad | J | RED | 22.259526045624686, | 71.570983 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Turkha | At-Turkha Ta-Botad, Dist-Botad | J | RED | 22.154481500372476, | 71.53448692 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Hadadad | At-Haddad Ta-Botad Dist-Botad | J | RED | 22.197207454733654, | 71.62261841 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Ratanpar | At-Ratanpar Ta-Botad Dist-Botad | J | RED | 22.286990994196564, | 71.53783584 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station, Sarava | At-Sarva Ta-Botad Dist-Botad | J | RED | 22.210212850063456, | 71.48523157 | 100 mtr distance from perimeter |
| Sukhbhadar Dam, Nana Chhaida | At-Nana Chhaida Ta-Botad Dist-Botad | J | YELLOW | 22.344558789072355, | 71.53877463 | 2 km distance from perimeter |
| 220 KV Electric Power Sub Station Dhasa | At-Rajkot Bhavanagar Road Dhasa Ta-Gadhada Dis-Botad | J | RED | 21.802526 | 71.511355 | 100 mtr distance from perimeter |
| Railway Station Dhasa | At-Dhasa Jn. Dhasa Ta-Gadhada Dis-Botd | L | YELLOW | 21.783473 | 71.518777 | 50 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Malapara | At-Gadhada Road Malapara Ta-Gadhada Dist-Botad | J | RED | 21.855594 | 71.537501 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Gadhada | Samakatha Dhasa road Gadhada Ta-Gadhada Dis-Botad | J | RED | 21.956268 | 71.567855 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Rojmal | At. Rojmal Gam Ta-Gadhada Dis-Botad | J | RED | 21.998792 | 71.472488 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Gadhali | At. Gadhali gam Ta-Gadhada Dis-Botad | J | RED | 21.887314 | 71.617053 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Bhimdad | At. Bhimdad gam Ta-Gadhada Dis-Botad | J | RED | 22.083896 | 71.570809 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| 66 KV Electric Power Sub Stations Tatam | At. Pipliya road Tatam ta-Gadhada Dis-Botad | J | RED | 22.05227 | 71.632438 | 100 mtr distance from perimeter |
| Bhimadad Dam | Bhimadad Gadhada Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 22.085473 | 71.576305 | 2 km distance from perimeter |
| Itariya Dam | Itariya Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.964878 | 71.391385 | 2 km distance from perimeter |
| Limbadi Dam | Limbali Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.981605 | 71.469478 | 2 km distance from perimeter |
| Kalubhar Dam | Gadhali Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.861227 | 71.62992 | 2 km distance from perimeter |
| Telephone Akchenage | Fulwadi Same Gadhada Ta-Gadhada Dis-Botad | M | YELLOW | 21.969566 | 71.574246 | 100 mtr distance from perimeter |
| Gopinathaji Dev Swaminarayan mandir, Gadhada | Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.966598 | 71.574786 | 100 mtr distance from perimeter |
| BAPS Mandir, Gadhada | Ghelo Nadina Kadhe Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.964414 | 71.573105 | 100 mtr distance from perimeter |
| Sub Jail, Gadhada | Juna Mandir same Gadhada Ta.-Gadhada Dis.-Botad | M | RED | 21.966413 | 71.575347 | 250 mtr distance from perimeter |
| Water Pumping station Gadhada | Dholiya ota Gadhada Ta.-Gadhada Dis.-Botad | J | YELLOW | 21.969521 | 71.590172 | 100 mtr distance from perimeter |
| C.H.C. Gadhada | Samakatha Adatala Road Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.96226 | 71.580026 | 100 mtr distance from perimeter |
| Madhusudan Dairy Gadhada | Botad district cooperative milk producers union ltd. Gadhada road Ta.-Gadhada Dis.-Botad | L | YELLOW | 21.995519 | 71.594459 | 100 mtr distance from perimeter |
| District and Sessions Court Botad | Khas road Botad-364710 | C | YELLOW | 22.183436 | 71.682699 | 100 mtr distance from perimeter |
| Superintendent of Police office Botad | Khas road Botad-364710 | M | YELLOW | 22.180212 | 71.679768 | 100 mtr distance from perimeter |
| Collector Office Botad | Khas Road, Botad-364710 | M | YELLOW | 22.180854 | 71.681104 | 100 mtr distance from perimeter |
| District Panchayat Office | Khas Road, Botad-364710 | M | YELLOW | 22.181068 | 71.680546 | 100 mtr distance from perimeter |
| Telephone Exchange, Botad | Near Nava Nala, Botad-364710 | M | YELLOW | 22.167936 | 71.671448 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| ST Bus Station Botad | Paliyad Road, Botad-364710 | L | YELLOW | 22.17478 | 71.658371 | 100 mtr distance from perimeter |
| Botad Junction | Tower Road, khodiyarnagar, Botad-364710 | L | YELLOW | 22.182314 | 71.665662 | 100 mtr distance from perimeter |
| Sonavala Hospital Botad | Kadar setha ni vadi Ta-Botad, Dis-Botad-364710 | G | YELLOW | 22.17483 | 71.66924 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Botad | Gadhda Road, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.149698 | 71.659470 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Lakheni | At. Vill. Lakheni Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.038286 | 71.802797 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Botad | Khasa Road, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.172921 | 71.690269 | 100 mtr distance from perimeter |
| 220 KV Electric Sub Station, Samdhiyala No-1 | Samdhiyala No-1, Botad-364710 | J | RED | 22.14823 | 71.7339 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Sub Station, Lathidad | Lathidad, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.100156 | 71.776474 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Keriya No-1 | Keriya No-1 Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.019663 | 71.731721 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Jalalpur | Jalalpurgam, Ta-Gadhada, Dis-Botad-364710 | J | RED | 21.777369 | 71.591601 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Ingorala | Ingorala, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 21.903473 | 71.506413 | 100 mtr distance from perimeter |

આ જાહેરનામું તા. ૨૦-૦૧-૨૦૨૬ થી તા. ૨૦-૦૩-૨૦૨૬ (૨-માસ બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

## પોલીસ કમિશ્નર દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## મકાન ભાડા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/જાહેરનામુ/૧૧૭૧/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી રાજકોટ શહેર વિસ્તારમાં રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં. તેમજ તમામે Citizen Portal, Citizen First Application મારફતે તેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/દુકાનો/ઓફીસો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે, અને સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા નિયત નમુના મુજબનું ફોર્મ આપવામાં આવે જે ફોર્મ ભરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે, અને ચ અંગે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશન ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | મકાન માલીકનું નામ તથા ભાડે મકાન/ ઔદ્યોગીક એકમ/ ઓફીસ/દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે? | કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર તથા ઓળખ આપનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા | મકાન માલિક તેમજ ભાડે રાખનારના ફોટા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૩-૨૦૨૬ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## પોલીસ સૈન્ય ગણવેશ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૧૬૯/૨૦૨૬.-

૧. ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ દ્વારા સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલા થયેલ હતા, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

૨. રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

૩. જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ કલમો ૧૬૮, ૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે તેમજ તે અંગેનું વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| ભાડે/વેચાણ લઈ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઈ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું | મો.નં | હેતુ | વિસ્તાર | આઈ. ડી.પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સૈન્ય તથા અન્ય શસ્ત્ર દળોના ગણવેશ તથા પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: અપવાદ :**

જે વ્યક્તિઓ ભારત સરકારના તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતા હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓના આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું**

## ધ્વનિ પ્રદુષણ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૧૭૨/૨૦૨૬.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેર હીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૦૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નં. GPCB/LGL:NGT:GENERAL:115(2)/52896 તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**: નોઈઝ સ્ટાન્ડર્ડ :**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૦૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલંધન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ કોઈપણ ઉત્પાદક/ડીલર/દુકાનદાર/એજન્સી/વ્યકિત/વ્યકિતઓના સમુહ દ્વારા કોઈપણ સાઉન્ડ સીસ્ટમ ધ્વની નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનું વેચાણ/ખરીદ/પુરવઠો/સ્થાપન/ઉપયોગ કરવા ઉપર તેમજ હાલમાં હયાત તમામ સાઉન્ડ સીસ્ટમ પણ ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) સિવાય ઉપયોગમાં લેવા ઉપર.

૬. જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે ભુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા ઉપર.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાનો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

**નોંધ :** ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ થાય તે જોવાનું રહેશે.

**નોંધ :** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માસક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી, અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોકત પ્રતિબંધીત કૃત્યમાંથી નંબર પાંચ (૫) ઉપર દર્શાવેલ કૃત્યમાં કોઈપણ સજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ સીસ્ટમમાં ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવવાનું રહેશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર કે સંચાલકની ભારતીય ફોજદારી રાહે કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## ડ્રોન અંગેનુ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૧૭૩/૨૦૨૬.-રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપટર કે પેરાગ્લાઈડર, માઈક્રો લાઈટ એરક્રાફટ જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને રાજકોટ શહેરની સુરક્ષાને હાની પહોચાડવાની શકયતા નકારી શકાય નહી, આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ડ્રોન કેમેરા રાખતા હોય તેઓ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટેલીજનસ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા. ૦૧-૧૧-૨૦૨૧ થી અત્રેના રાજકોટ શહેરમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૩૫ સ્થળો/ઈન્ટોલેશન્સને રેડ ઝોન અને યલ્લો ઝોનમાં વિભાજીત કરવામાં આવેલ છે તેમજ હોમ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર ના પત્ર નં. GG/113/2022/SB1/OSA/102020/857(1) તા. ૧૨-૦૮-૨૦૨૨ થી રાજકોટ શહેર ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ આણંદપર (ગવરીદળ) એસ.વી. સ્ટેશનને નો ડ્રોન જાહેર કરવામાં આવેલ હોય, જે અંગે રાજકોટ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. આણંદપર ના પત્ર નં. WRPL/GOD/SEC/2022/anandpar તા. ૨૪-૧૧-૨૦૨૨ ના પત્ર થી નો ડ્રોન જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ હોય, તેમજ ઉપ સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર દ્વારા બહાર પાડેલ SOP ના પત્ર નં. SB-1/KAV/102019/GOI-175 Date : 22-05-2019 માં જણાવ્યા મુજબ એરપોર્ટને રેડ ઝોન જાહેર કરેલ હોય જે SOP ની માર્ગદર્શિકા અન્વયે રાજકોટ શહેરમાં નવુ નિર્માણ પામેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટને નો ડ્રોન વિસ્તાર જાહેર કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધીત કૃત્યો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં નીચે દર્શાવેલ સ્થળોએ સક્ષમ અધિકારીની પરવાનગી વગર રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ Officer of the Director General of Civil Aviation ના પત્ર ક્રમાંક : 05-13/2014/AED Vol. IV, Dated : 27-08-2028 ની જોગવાઈઓની અમલવારી કરવાની રહેશે. અને આ સિવાય નીચે જણાવેલ સ્થળો સિવાયની જગ્યામાં ડ્રોન ઉડાડવા માટે ડ્રોન ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે તેઓએ આ ડ્રોન કેમેરાની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે અને તેનો ઉપયોગ કરતાં પહેલા જે તે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Special Bureau, Govt. of India | Nr. Kankot Village Tal. Dist. Rajkot | M | Red | 22.46675 | 70.72311 | 3 km distance from perimeter |
| 2 | Indian Oil Corporation Ltd. | Indane Bottling plant, NH 8B, Navagam Nr. Sat Hanuman, Rajkot-36003. | j | Red | 22.32757 | 70.85958 | 2 km distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 3 | Indian Oil Corporation Ltd. (Marketing Division) (Bulk Petroleum Depot) | Nr. Bajrangwadi Police Beat Jamnagar Road, Rajkot-360006. | m | Red | 22.32328 | 70.78317 | 100 mtr distance from perimeter |
| 4 | Bharat Petroleum Corporation Ltd. | Rajkot Ahmedabad Highway, Maliyasan, Rajkot-360003. | j | Red | 22.31815 | 70.88131 | 2 km distance from perimeter |
| 5 | Indian Oil Corporation Ltd. | Western Region Pipeline Gauridad Morbi Road, Rajkot | j | Red | 22.39036 | 70.79636 | 2 km distance from perimeter |
| 6 | Central Jail | B/H Railway Station, Popat Para Rajkot | m | Red | 22.31678 | 70.80162 | 500 mtr distance from perimeter |
| 7 | 66 K.V. Electric Power Sub Station | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | j | Red | 22.295 | 70.82325 | 100 mtr distance from perimeter |
| 8 | Main Railway Station | Junction-Rajkot | m | Yellow | 22.31316 | 70.80236 | 100 mtr distance from perimeter |
| 9 | Central (Sayona) Bus Station | Dhebar Road, Rajkot-36001. | m | Yellow | 22.29394 | 70.79912 | 100 mtr distance from perimeter |
| 10 | Transmitter 24282 Sq. Mts. Studio 20000 Sq. Mts. Doordarshan Centre, Prasar Bharti | Nr. Aji Dam, Bhavnagar Road, Rjakot. | m | Yellow | 22.27399 | 70.83494 | 100 mtr distance from perimeter |
| 11 | All India Radio Station (Aakashwani) | Pandit Sitaram Marg, Opp. Racecourse, Rajkot-360001. | m | Yellow | 22.30079 | 70.79283 | 100 mtr distance from perimeter |
| 12 | Ex. C. M. House | "Pujit" 2/5 Prakash Society, Near Nirmala Convet School, Rajkot | d | Yellow | 22.29711 | 70.77276 | 100 mtr distance from perimeter |
| 13 | District Court | District Cort Khatara Stend Chowk Railway Station Road, Rajkot | c | Yellow | 22.30459 | 70.80358 | 100 mtr distance from perimeter |
| 14 | Police Commissioner Office | Jilla Panchayat Chowk, Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29872 | 70.79203 | 100 mtr distance from perimeter |
| 15 | S. P. Office | Opp. Girnar Cinema, Near Police Commissioner Office, Rajkot | m | Yellow | 22.29869 | 70.79262 | 100 mtr distance from perimeter |
| 16 | Collector Office | Shroff Road, Opp. G.T. Sheth Hospital, Rajkot | m | Yellow | 22.30549 | 70.79643 | 100 mtr distance from perimeter |
| 17 | B.S.N.L. Telephone Exhcange | Opp. Jubilee Garden Javahar Road, Rajkot. | m | Yellow | 22.30022 | 70.80088 | 100 mtr distance from perimeter |
| 18 | Akshar Purushottam Swaminarayan Temple | Kalawad Road Near Mahila College Under Bridge rajkot | g | Yellow | 22.29315 | 70.7819 | 100 mtr distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 19 | Pandit Dindayal Civil Hospital | Government Hospital Jamnagar Road, Rajkot | m | Yellow | 22.30391 | 70.80139 | 100 mtr distance from perimeter |
| 20 | Aaji Dam | Aaji Dam Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.26901 | 70.83558 | 2 km distance from perimeter |
| 21 | Nyari Dam-1 | Nyari Dam-1 Kalawad Road, Rajkot | m | Yellow | 22.24621 | 70.7038 | 2 km distance from perimeter |
| 22 | GSCSC Godown Under Food Corporation | Near Railway Station, Popat Para Road, | m | Yellow | 22.31515 | 70.80117 | 100 mtr distance from perimeter |
| 23 | F.C.I. Godown Ghanteswar | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.329 | 70.75565 | 100 mtr distance from perimeter |
| 24 | S.R.P. Group-13 | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.32887 | 70.73647 | 100 mtr distance from perimeter |
| 25 | Gopal Dairy | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.29488 | 70.82582 | 100 mtr distance from perimeter |
| 26 | Race Course Garden | Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29975 | 70.79108 | 100 mtr distance from perimeter |
| 27 | Aaji River Bridge No. 271 | Rajkot Railway Station Out Side, Rajkot | m | Yellow | 22.307996 | 70.807335 | 100 mtr distance from perimeter |
| 28 | Microwave Tower Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.31225 | 70.802603 | 100 mtr distance from perimeter |
| 29 | Railway Control Office/Room Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.306651 | 70.800494 | 100 mtr distance from perimeter |
| 30 | Water Tank Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | j | Yellow | 22.314983 | 70.803021 | 100 mtr distance from perimeter |
| 31 | Loco Shed Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321323 | 70.793729 | 100 mtr distance from perimeter |
| 32 | Railway Auto Exchange Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.305665 | 70.800496 | 100 mtr distance from perimeter |
| 33 | Important Railway Yard Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321255 | 70.793594 | 100 mtr distance from perimeter |
| 34 | Indian Oil Corporaton, Anandpar-Gauridad, Rajkot | At-Anandpar-Gauridad, Morbi Road, Rajkot | j | Red | 22.40280 | 70.74057 | 2 km distance from perimeter |
| 35 | Rajkot Greenfield International Airport | Rajkot Ahmedabad High Way Hirasar Village, Rajkot | e | Red | 22° 23'17.77 317 | 71° 02'46.04 434 | 3 km distance from perimeter |
| 36 | Satellite bus station | Bhavnagar Road, Amul Circle, 80 ft. Road, Rajkot | m | Yellow | 22.28584 6952846 782 | 70.829500 00957103 | 100 mtr distance from perimeter |

**: અમલવારીનો સમય :**

તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: પ્રતિબંધીત વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામાથી મુકિત આપવામાં આવે છે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## નોકર ઘર-ઘાટી ની નોંધણી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૧૧૭૪/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બનતા લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલા/દુકાનો/કારખાનોઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતાં વ્યકિતઓ તેમજ ખેતરોમાં કામ કરતા મજુરો, મકાન માલીક/ખેતર માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ, નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/મકાન બાંધકામ બિલડર્સ/ટેક્ષટાઈલ ઉદ્યોગ/હિરા ઉદ્યોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડર/મેનેજમેન્ટ સ્ટાફ/ખેતરના માલીકો કે જેઓના યુનિટમાં/ખેતરમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો/ખેત મજુરો વિગેરે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરો/ખેત મજુરો/નોકરોની માહિતી/હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે. તથા કામે રાખનાર માલિકે પોતના ફોટો, ઘરનું સરનામું ધરાવતો ફોટો, I-Card, મોબાઈલ નંબર ની વિગત સાથે જાહેરનામામાં દર્શાવેલ ફોર્મ પોતાના વિસ્તારના પો.સ્ટે. ખાતે જમા કરાવવાનું રહેશે. આ અંગે દરેક પો.સ્ટે. કક્ષાએ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

**ઉપરોકત મુદ્દા નં. ૧ ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયર અંગેની માહિતી પણ આપવાની રહેશે.**

| **ઓળખપત્ર ફોર્મ (Credential form)** | **ફોર્મ નં.** | | |
|---|---|---|---|
| નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | મો. નં. | |
| માતાનું નામ (Mother's Name) | | મો. નં. | |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| વતનનું સરનામું (Home-Permanet address) | | | |
| વતનના કોર્પોરેટર/સરપંચનું નામ તથા મો. નં. (Pradhan/Sadasya name & mo. no. of native place) | | | |
| વતનનું પોલીસ સ્ટેશન અને ફોન નંબર (Police station name & phone number) | | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | | |

| | | | |
|---|---|---|---|
| કઈ જગ્યાએ કામ કરે છે (Where does he/she work? Place work) | | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| ઓળખ ચિન્હો તથા સહી/અંગૂઠાનું નિશાન (Identification marks and signature/finger print) | | | |
| અભ્યાસ/કોલેજ/સ્કુલ નું નામ (Name of Study/College/School) | | | |
| મજુર/નોકર ભારતીય નાગરીક છે કે કેમ ? હા/ના, જો હા, તો ભારતીય નાગરીકતાના પુરાવા | | | |
| ૧ | આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | |
| ૨ | ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | |
| ૩ | ડ્રાઈવીંગ લાયસન્સ (Driving license) | | |
| ૪ | પાસપોર્ટની વિગત (Passport Detail) | | |
| ૫ | વાહન નંબરની વિગત (Vehicle Detail) | | |
| મજુર/નોકર વિદેશી નાગરીક છે કે કેમ? હા/ના, જો હા તો વિદેશી નાગરીકની વિગતો સ્થાનિક પો.સ્ટે. અને સ્પેશ્યલ બ્રાન્ચ (ફોરેનર બ્રાન્ચ) ખાતે જાણ કરવાની રહેશે. | | | |
| **ઓળખાણ આપનાર (Identifier)** | | | |
| (૧) નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| (૨) નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | | |
| ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | | |

**નોંધ :**

(૧) ઓળખના પુરાવાની નકલ રેશનકાર્ડ/પાનકાર્ડ/પાસપોર્ટ/ચૂંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરેમાંથી કોઈપણ એક નકલ સાથે જોડવી.

(૨) જો કામે રહેનાર વ્યકિત ગુજરાત રાજ્ય બહારની હોય તો ઓળખાણ આપનાર તરીકે બે વ્યકિતમાંથી એક વ્યકિત ગુજરાતી હોવી જોઈએ તેમજ એક વ્યકિત જે-તે જિલ્લા (રાજ્ય)ની હોવી જોઈએ.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભયજનક જળાશયો, તળાવ, નહેરમાં પ્રતિબંધ અંગેનું જાહેરનામુ**
**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૧૧૮૦/૨૦૨૬.-તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવ, નહેર, દરીયામાં નહાવા પડેલ વ્યકિતઓનાં ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ જે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી આવી જગ્યાઓએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ ઉપસચિવ (કા.વ્ય.) ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/૮૨ તા. ૩૦-૦૫-૨૦૨૪ ના પત્ર થી ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા આદેશ થયેલ હોય, જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ ભયજનક જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

રાજકોટ શહેરમાં નીચે મુજબના ભયજનક જળાશયોમાં કોઈપણ વ્યકિત/પ્રવાસીઓ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

| અ. નું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૦૧ | એ. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાન થી કેસરી હિંદ પુલ સુધી |
| ૦૨ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ, સંત કબીર ટેકરી પાસે, જુના માર્કેટીંગ યાર્ડ પાછળથી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો (બેડપરા ચોકી વિસ્તાર) |
| ૦૩ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ/નદી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો થી ૧૫૦ ફુટ રીંગ રોડ અમદાવાદ હાઈવે સુધી નદી કાંઠો (ભગવતીપરા ચોકી વિસ્તાર) |
| ૦૪ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, પાંજરાપોળ પૂલથી કેશરી પૂલ સુધી (બેડીપરા ચોકી વિસ્તાર) |
| ૦૫ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, કેસરી પૂલ થી ૧૫૦ ફુટ રીંગ રોડ (માધાપર ચોકડી થી બેડી ચોકડી) સુધી |
| ૦૬ | આજીડેમ પો. સ્ટે. | આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ |
| ૦૭ | આજીડેમ પો. સ્ટે. | ખોખડદળ નદી, ખોખડદળ ગામ |
| ૦૮ | આજીડેમ પો. સ્ટે. | રાંદરડા તળાવ, જુના માર્કેટીંગ યાર્ડ પાસે |
| ૦૯ | આજીડેમ પો. સ્ટે. | ત્રંબા ગામ ત્રિવેણી નદીનો સંગમ કાંઠો |
| ૧૦ | આજીડેમ પો. સ્ટે. | કાળીપાટ ગામ ડેમ, નવા રૂડા રીંગ રોડ પાસે, |
| ૧૧ | આજીડેમ પો. સ્ટે. | સરધાર ગામ દરબારગઢ પાસે આવેલ ડેમ |
| ૧૨ | ગાંધીગ્રામ પો. સ્ટે. | જામનગર રોડ, ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલ તળાવ |
| ૧૩ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | અટલ સરોવર, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૧૪ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | પરશુરામ મંદિર પાછળનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |

| અ. નું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૧૫ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી કેમ્પસ, મેલડી માતાના મંદિરની સામેનું તળાવ |
| ૧૬ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ |
| ૧૭ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | વેજાગામ પાસે આવેલ તળાવ |
| ૧૮ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | રૈયા ગામ તળાવ |
| ૧૯ | રાજકોટ તાલુકા | કાલાવાડ રોડ, ન્યારી ડેમ-૧ |
| ૨૦ | રાજકોટ તાલુકા | કોપર એલીગન્સ સરોવર, પોલીસ હેડક્વાર્ટર પાસે, મવડી ગામ |
| ૨૧ | રાજકોટ તાલુકા | લાખાણી સરોવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, જીવરાજ પાર્ક |
| ૨૨ | રાજકોટ તાલુકા | વીરવરૂ સરોવર, રંગોલી પાર્ક પાસે, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૨૩ | રાજકોટ તાલુકા | પવિત્રમ પ્રયાગ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામ |
| ૨૪ | રાજકોટ તાલુકા | પાબારૂ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામની બાજુમાં |
| ૨૫ | રાજકોટ તાલુકા | જીબીયા સરોવર કટારીયા ચોકડી પાસે, કાલાવડ રોડ |
| ૨૬ | રાજકોટ તાલુકા | સમંવય સરોવર, સમન્વય પાર્ટી પ્લોટ પાસે, કણકોટ રોડ |
| ૨૭ | રાજકોટ તાલુકા | રોલેક્ષ સરોવર ગીરીરાજ સિમેન્ટ પ્લાનની બાજુમાં, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

આ જાહેરનામું આપતીના સમયમાં સરકારી ફરજ પર અથવા કામગીરીમાં હોય તેવા સરકારી કર્મચારી, અર્ધ સરકારી એજન્સીઓ તથા કોઈ વ્યકિતઓ કાયદેસરની ફરજમાં હોય તેઓને લાગુ પડતુ નથી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## સ્પા/મસાજ પાર્લરો/કર્મચારીની માહિતી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૧૧૭૯/૨૦૨૫.-રાજકોટ શહેરના રહેણાંક વિસ્તારમા તથા ઔદ્યોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાય આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી રાજકોટ શહેર વિસ્તારમાં સ્પા/મસાજના પાર્લરોની આડમાં ગુન્હાહિત કુત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલિકો અગરતો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમા કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ અંગે જે-તે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશનના ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલિક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નબર. | |
| ૨. | સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની સંપુર્ણ વિગત (ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય, તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું | |
| | મુળ વતનનું સરનામું | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય, તો | |
| | - તેમના પાસપોર્ટની વિગત : (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.) | |
| | - કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત : | |
| | હાલનું સરનામું : | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | સ્પા/મસાજપાર્લર ચલાવનાર/સંચાલક નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો<br>કામ કરતા કર્મચારીઓ નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો<br>પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ<br>સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગત :<br>કામ કરતા કર્મચારીની સહી | |
| ૩. | **: નિયમો :** | |
| | ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય, તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## CCTV કેમેરા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૧૭૦/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવર વાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના વેપારીઓ, આંગડીયા પેઢીના વ્યવસાયીકો તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરેન્ટસ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, તથા વ્યવસાયિક સ્થળો કે જ્યાં બહારના માણસોને બેસવાની-રહેવાની સુવિધા પુરી પડાતી હોય તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. તેમજ પોલીસ દ્વારા જ્યારે-જ્યારે સી.સી.ટી.વી. ફુટેજ માંગવામાં આવે ત્યારે-ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફુટેજ આપવાના રહેશે.

(૪) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકોની રહેશે. કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

**: સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા :**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## જેલ સુરક્ષા અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૧૧૬૮/૨૦૨૬.-ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

**: હુકમ :**

વાસ્તે હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઈ સાધનો/ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં/કરશે નહીં.

**: અપવાદ :**

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી

**: પ્રતિબંધિત વિસ્તાર :**

રાજકોટ શહેરની પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) નો સમગ્ર વિસ્તારમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ

## હથીયારબંધી જાહેરનામું

ક્રમાંક:એસબી/જાહેરનામું/૧૧૬૭/૨૦૨૫.-રાજકોટ શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવાં પગલાં લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, તથા છરી/ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ કરી શકાય તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો જાહેરમાં લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા-લઈ જવા ઉપર.

(૩) કોઈ પણ શરીરને હાનિ પહોચાડે તેવો સ્ફોટક પદાર્થ/ચીજ વસ્તુ લાવવા-લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો અથવા સાધનો લઈ જવા પર તથા એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવુ કહેવા પર તથા તૈયારી કરવા પર.

(૫) આમ જનતામાં ભય ઉત્પન્ન થાય તેવા રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(૬) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેચાણ કરવા ઉપર.

(૯) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(૧૦) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**: અમલવારીના સમય :**

આ હુકમનો અમલ ૦૧-૦૩-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

**આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી/અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

(૨) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૩) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ : ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## સરકારી કચેરીમાં બિન અધિકૃત વ્યકિતઓને પ્રતિબંધ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અનઅધિ. વ્યકિત પ્રવેશ/૧૧૭૫/૨૦૨૬.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગરપાલીકાની કચેરી, ઝોન-ઓફીસો, અને કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી-જુદી કચેરીઓ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.) માં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ ઠગાઈ જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબની મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-ની કલમ-૨૨૩ મુજબ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરુ છું અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ તમામ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ શહેર મહાનગરપાલીકાની કચેરી હેઠળની તમામ કચેરી, ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલા હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## પથિક સોફ્ટવેર અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./પથિક સોફ્ટવેર અંગેનું જાહેરનામું/૧૧૭૬/૨૦૨૬.- ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી આવતા આવા તત્વો કોઈ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિ-સંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકી નિયમો કરવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદો માટે અધિકૃત કરૂ છું.

### હુકમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઈ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખાની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઈડી, પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં અને આ અંગે આ નીચે કરેલા નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં રૂમો/જગ્યા કોઈપણ વ્યકિતઓને ભાડે ત્યારે તે અનુસંધાને સ્થાનીક/પરપ્રાંતીય/ભારતીય અને વિદેશી મુસાફરો/નાગરીકોની પથીક સોફ્ટવેર (ઓન લાઈન વેબ પોર્ટલ) https://pathik.guru માં ડેટાએન્ટ્રી તાત્કાલીક કરવાની રહેશે અને તે અંગેનો રોજેરોજનો સમરી રીપોર્ટ (Export Report) અને તેની સાથે તેઓના આઈ.ડી. પ્રુફની નકલ તથા "C" ફોર્મ હાર્ડકોપી માં નિયમીત ધોરણે રોજે રોજ

૨૪ કલાકની મર્યાદામાં જનરેટ કરી તેમની અલાયદી ફાઈલ બનાવી રેકર્ડ માં રાખવાની રહેશે તથા વિદેશી નાગરીકોની ડેટા એન્ટ્રી પથીક સોફ્ટવેર ઉપરાંત FRRO Modual (IVFRT) સોફ્ટવેર "C" ફોર્મ બન્ને માં કરવાની રહેશે આ કામગીરી અર્થે રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ કોમ્પ્યુટર રાખવું. જેમાં "PATHIK SOFTWARE" (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER & HOTEL INFORMATIKS) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓ આ PATHIK સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) આ રોકાયેલ વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનીક/અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓની અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાના સમયની ખાસ નોંધ તેની માહીતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે સદર કાર્યવાહી કર્યા વિના કોઈ પણ વ્યકિતને, માલીક/સંચાલક કે વહીવટ કર્તા તેઓની હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાને ભાડેથી રહેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકશે નહી.

(૩) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર (Manual Guest Arrival-Depature Register) ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં જણાવેલ તમામ માહીતીની સચોટ ડેટા એન્ટ્રી તેઓના લીધેલ આઈ.ડી. પ્રુફ મુજબની પુરા નામ સરનામા સાથેની તાત્કાલીક કરવની રહેશે (તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈ.ડી. તરીકે તેઓના અસલ આધાર કાર્ડ/ચુટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ) ચેક કરી તેને અપલોડ કરવાના રહેશે ફોટો આઈ.ડી. પ્રુફ તરીકે ઝેરોક્ષ કોપી મેળવી તે ઉપર તેઓની સહી લેવાની રહેશે.

(૪) અજાણ્યા ભારતીય/વિદેશી વિજીટર્સનુ બુકીંગ કરાવનાર વ્યકતી/કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

(૫) અજાણ્યા/લોકલ રેફરન્સ સીવાયના ભારતીય/વિદેશી મુસાફરોને રાજકોટ શહેર માં કઈ જગ્યાએ કયા કામ માટે રોકવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

(૬) આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી. મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે અને આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ? તે બાબતે હોટલ/લોજ ના નંબર થી કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

(૭) હોટલ માં આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અથવા તો પોલીસ કંટ્રોલ રૂમ રાજકોટ શહેરને જાણ કરવાની રહેશે.

(૮) સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડીંગ ના બેકઅપ રાખવાનો રહેશે.

(૯) મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનોના પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હીલર/ફોર વ્હીલર અને રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓન લાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે.

(૧૦) આકસ્મીક આગ લાગે ત્યારે તે માટેના આગ ઓલાવવાના Fire Extinguisher પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(૧૧) ફાયર એન.ઓ.સી. ગુમાસ્તાધાર, ફુડ લાયસન્સ, પોલીસ, ઓફીસર વિજીટ બુક, ઈમરજન્સી કોલ બુક, ભાડા કરાર અને ભાગીદારી કરાર વિગેરે લાગુ પડતા પ્રમાણપત્રો/દસ્તાવેજો મેળવી રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાના રહેશે અને પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

(૧૨) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં કામ કરતા તમામ માલિકો/ભાગીદારો/મેનેજરો/રીસેપ્શનીસ્ટ એમ તમામ કર્મચારીઓના હાલના તથા વતનના નામ સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહીતીની યાદી રીસેપ્શન પર રાખવાની રહેશે અને તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવી લેવાના રહેશે અને તેની એક નકલ રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાની રહેશે.

(૧૩) હોટલ/પથીક સોફ્ટવેર ને લગતી મહીતી/કામગીરી/સમસ્યા અંગે અથવાતો ડેટાએન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય અગરતો હોટલ/પથીક સોફ્ટવેર બંધ આવતો હોય તો વિના વિલંબે તાત્કાલીક એસ.ઓ.જી. રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે તથા કોઈપણ સંજોગોમાં તમામ મુસાફરોની ડેટા એન્ટ્રી કરવાની બાકી રાખવાની રહેશે નહી.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## બોરવેલ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/બોરવેલ/જાહેરનામું/૧૧૭૮/૨૦૨૬.-રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારની હદમાં ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા અથવા રદ બાતલ થઈ જતા બોરકુવા, પાઈપ લાઈન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે-તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઈપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૬૪(ગ) તથા ૬૬ (જ)ની જોગવાઈ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઈપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાના થી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

(૧) જે-તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાની થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક કે અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાત્રી સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૩) જૂના તથા બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતી હોય તેવા બોરવેલના જમીન માલીકોએ બોરવેલની પાઈપ લાઈન બંધ કરવા ઉપરાંત ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## વાહન લે-વેચ અંગે ઓળખપત્ર રાખવા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/વાહન લે-વેચ/જાહેરનામું/૧૧૭૭/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થા વખતો-વખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ-ભીડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી, બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી વાહન ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલ, ટુ-વ્હીલર, ફોર વ્હીલર, હેવી વ્હીકલ વેચનારે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ જેવા પૂરાવા મેળવી તેની ખરાઈ કરી વેચાણ આપે તેમજ વાહન વેચનાર વેપારી બીલમાં વાહનનો પ્રકાર, ચેસીસ નંબર, એન્જીન નંબર, ગ્રાહકનું પુરૂ નામ-સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બીલમાં દર્શાવવી અને આ વાહન વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે આવા વાહન વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) વાહન ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે

મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી વાહન વેચાણ કરનારે મેળવવાના રહેશે. તથા તેનો રેકોર્ડ નિભાવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં વાહનનો એન્જીન નંબર તથા ફ્રેમ/ચેસીસ નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેંચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશનર
રાજકોટ શહેર

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૬૫/૨૩૯/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કોટડા રોહા સેવા સહકારી મંડળી લી., મુ. કોટડા રોહા, તા. નખત્રાણા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202603088

ભુજ-કચ્છ, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૬૫/૨૫૪/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, ઉગેડી જુથ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. જૈન દેરાસરની બાજુમાં, મુ. પો. ઉગેડી, તા. અબડાસા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202603238

ભુજ-કચ્છ, ૨૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૬૨/૨૫૫/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, વાંકુ જુથ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. જૈન દેરાસરની બાજુમાં, મુ. પો. વાડા પધ્ધર, તા. અબડાસા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202603237

ભુજ-કચ્છ, ૨૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**એમ. એલ. અગરવાલ**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ
ભુજ-કચ્છ

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૫૩/નોંધણી નંબર : CSJAMSEM2026 03230/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી ઉત્કર્ષ સ્વસહાય મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લિમિટેડ, મુ. હાડાટોડા, તા. ધ્રોલ, જિ. જામનગર.

સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૪૫/નોંધણી નંબર : CSJAMSE2026 03052/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી પરિશ્રમ સેવા સહકારી મંડળી લીમીટેડ, મુ. શેઠ વડાળા, તા. જામજોધપુર, જિ. જામનગર.

સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**એ. એમ. સિધ્ધપરા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૧૫/નોંધણી નં. ક્રમાંક CSBDSEMILK2026 02512/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી મહાદેવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : ચાચલાણા, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૦૨ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૧૩/નોંધણી નં. ક્રમાંક CSBDSEFPO2026 02758/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી માધવ ખેત ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : કાટકોલા, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૦૩/નોંધણી નં. ક્રમાંક CSDBDSEMILK 202502466/૨૦૨૫.-આથી જાહેર કરે છે કે, શ્રી દાત્રાણા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : દાત્રાણા, તાલુકો : ખંભાળીયા, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિ દ્વારકા, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૦૪/નોંધણી નં. ક્રમાંક CSDBDSEMILK 202602756/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી ભંડારિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : ભંડારિયા, તાલુકો : ખંભાળીયા, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિ દ્વારકા, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૦૬/નોંધણી નં. ક્રમાંક CSDBDSEMILK 202602522/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી રેટાકાલાવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : રેટાકાલાવડ, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિ દ્વારકા, માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૦૯/નોંધણી નં. ક્રમાંક CSDBDSEMILK 202602511/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી સગારીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : સગારીયા, તાલુકો : ખંભાળીયા, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિ દ્વારકા, ૦૨ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ/૧૧/નોંધણી નં. ક્રમાંક CSDBDSEMILK 202602757/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, શ્રી સામોર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : સામોર, તાલુકો : ખંભાળીયા, જિલ્લો : દેવભુમિ દ્વારકા સને-૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિ દ્વારકા, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**એ. એમ. સિધ્ધપરા**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
દેવભુમિ-દ્વારકા.

---



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.27 13:18:13 IST